વડાપ્રધાનના હસ્તે વિવિધ વિકાસલક્ષી કાર્યોની ભેટ મળશે, તંત્ર દ્વારા આખરી ઓપ અપાયો

આજે PMનો રોડ શો: 16 મંચ બનાવીને એક ભારત શ્રેષ્ઠ ભારતની પરિકલ્પના સાકાર થશે

એરપોર્ટથી સભાસ્થળ સુધી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત, ડ્રોન અને સીસીટીવીથી રખાઈ રહી છે બાજ નજર

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સમયમાં વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે સમગ્ર સંસ્કારી નગરીમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને રોશનીનો માહોલ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના ભવ્ય સ્વાગત માટે વડોદરા મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. સમગ્ર શહેરને રંગબેરંગી લાઈટો અને શણગારથી ઝળહળતું કરી દેવામાં આવ્યું છે, જેના કારણે શહેરમાં વહેલી દિવાળી જેવો નજારો જોવા મળી રહ્યો છે.

વડાપ્રધાનના રૂટ પર ઠેર-ઠેર અદ્ભૂત લાઈટિંગ અને સજાવટ કરવામાં આવી છે. આ સજાવટમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના લાઈટિંગથી બનેલા સ્ટેચ્યુ છે. આ વિશાળ લાઈટિંગ પ્રતિકૃતિઓ લોકોમાં ભારે કુતૂહલ અને આકર્ષણ જન્માવી રહી છે. રાત્રિના સમયે આ લાઈટિંગને નિહાળવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી રહ્યા છે અને સેલ્ફી લઈ રહ્યા છે. રોડ-

રસ્તાઓ પર કરવામાં આવેલી આ અદ્ભૂત સજાવટ શહેરની સુંદરતામાં ચાર ચાંદ લગાવી રહી છે.

વડાપ્રધાનના પ્રવાસ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ, વડાપ્રધાનના રૂટ પર આવતા મુખ્ય રસ્તાઓ પર સામાન્ય જનતા માટે અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને એરપોર્ટથી લઈને કાર્યક્રમના સ્થળ સુધીના માર્ગો પર વાહન વ્યવહાર બંધ રહેશે.

નાગરિકોને હાલાકી ન પડે તે માટે વૈકલ્પિક માર્ગોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રાફિક વિભાગ દ્વારા સૂચવ્યા મુજબ, પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ તરફ જતા વાહનચાલકોએ આંતરિક રસ્તાઓ અને હાઈવેનો ઉપયોગ કરવાનો રહેશે. વીઆઈપી મૂવમેન્ટ દરમિયાન જનતાને સહકાર આપવા અને વૈકલ્પિક માર્ગો પસંદ કરવા અપીલ કરવામાં આવી છે.

વડાપ્રધાનની મુલાકાતને પગલે વડોદરા પોલીસ દ્વારા અભેદ્ય કિલ્લા જેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એસપીજી (SPG) અને સ્થાનિક પોલીસના હજારો જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. ડ્રોન સર્વેલન્સ અને સીસીટીવી કેમેરા દ્વારા દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા કાર્યક્રમ સ્થળની ચકાસણી કરવામાં આવી છે અને પાર્કિંગની પણ સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, વડાપ્રધાન મોદીના આગમનને વધાવવા વડોદરા સજ્જ બન્યું છે. એક તરફ જ્યાં વિકાસના કાર્યોનું લોકાર્પણ થવાનું છે, ત્યાં બીજી તરફ આ રોશની અને શણગાર શહેરની ઉત્સવપ્રિયતાના દર્શન કરાવી રહ્યા છે.

શહેરમાં ભવ્ય રોડ-શો: સાંસ્કૃતિક વૈવિધ્ય અને વિજય ઉત્સવનો અનોખો સંગમ

સંસ્કારી નગરી વડોદરાના આંગણે આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક કિલોમીટરથી વધુ લાંબો ભવ્ય રોડ-શો યોજાવા જઈ રહ્યો છે. હરણી ગદા સર્કલથી એરપોર્ટ સુધીના આ માર્ગ પર પશ્ચિમ બંગાળમાં ભાજપના શાનદાર વિજયનો ઉત્સાહ જોવા મળશે. આ રોડ-શોની વિશેષતા એ છે કે તેમાં પશ્ચિમ બંગાળની 'દુર્ગા પૂજા' થીમ પર વિશેષ સ્ટેજ તૈયાર કરાયું છે, જ્યાં હજારો બંગાળી નાગરિકો પરંપરાગત વેશભૂષામાં વડાપ્રધાનનું અભિવાદન કરશે. આ ઉપરાંત, સમગ્ર રૂટ પર 15 જેટલા અલગ-અલગ સ્ટેજ પરથી વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખીઓ રજૂ કરાશે તેમ વડોદરા શહેર પ્રમુખ જયપ્રકાશ સોનીએ પત્રકાર પરિષદ યોજી જાણકારી આપી હતી.

સંક્ષિપ્ત સમાચાર

અલવાનાકા ત્રણ રસ્તા પાસે લક્ઝરી બસ ભુવામાં ફસાઈ, તંત્રની ઘોર બેદરકારી

વડોદરા: શહેરના અલવાનાકા ત્રણ રસ્તા પાસે રસ્તો અચાનક બેસી જતાં લક્ઝરી ટ્રાવેલ્સની બસ ભુવામાં ફસાઈ ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ

જાનહાનિ થઈ નહોતી, પરંતુ વ્યસ્ત વિસ્તારમાં બનેલી આ ઘટનાએ પાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, હલકી ગુણવત્તાના રોડ કામ અને યોગ્ય પુરાણ ન થવાને કારણે વારંવાર રસ્તાઓ બેસી જાય છે. ઉનાળામાં પણ ભુવા પડતા લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રહીશોએ પાલિકાના કોન્ટ્રાક્ટરો પર ભ્રષ્ટાચારના આક્ષેપ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે ટેક્સ ચૂકવવા છતાં શહેરમાં સુરક્ષિત રસ્તાઓ મળતા નથી.

વડોદરામાં રફ્તારનો કહેર, નેશનલ હાઈવે 48 પર ઈકો કાર પલટી, બે લોકો ઈજાગ્રસ્ત

વડોદરા : શહેરમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. ગત રાત્રે નેશનલ હાઈવે નં. 48 પર જાંબુવા ગામ નજીક પૂરઝડપે દોડી રહેલી ઈકો કાર પલટી ખાઈ જતા બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ, કારના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ગાડી બેકાબૂ બની રોડ પર ગોથા ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ગાડીનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને અંદર સવાર બે મુસાફરો ફસાઈ ગયા હતા. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થાનિક લોકો અને વાહનચાલકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. લોકોએ ગાડીને સીધી કરી રોડની સાઈડમાં ખસેડી હતી તેમજ ઈજાગ્રસ્તોને બહાર કાઢી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ ચાલક નશાની હાલતમાં હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જોકે, આ મામલે પોલીસ તપાસ શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી હાઈવે પર બેફામ ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોના ભંગને કારણે અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે.

કિશનવાડીમાં પારિવારિક કલહમાં પરિણીતાએ ફિનાઇલ ગટગટાવતા હોસ્પિટલમાં દાખલ

વડોદરા : શહેરના કિશનવાડી વિસ્તારમાં ઘરકંકાસના કારણે પરિણીતાએ ફિનાઇલ પી લેતા ચકચાર મચી ગઈ છે. મહિલાને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ઝંડા ચોક પાસે રહેતી અનિતાબેન અજયભાઈ સોનવણે (ઉં.32) ને તેમના પતિ સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. સામાન્ય ઝઘડો ઉગ્ર બનતા અનિતાબેન માનસિક રીતે ભાંગી પડ્યા હતા અને આવેશમાં આવી ઘરમાં પડેલું ફિનાઇલ પી લીધું હતું. ફિનાઇલ પીધા બાદ તેમની તબિયત લથડતા પરિવારજનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. ઘટનાને પગલે વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. સામાન્ય ઘરકંકાસમાં આવેશમાં આવી લેવાયેલા આવા પગલાં પરિવાર માટે જોખમી સાબિત થઈ શકે છે તેવી ચર્ચા સ્થાનિકોમાં ચાલી રહી છે.

યુનિવર્સિટીમાં સફાઈ દરમિયાન એસિડની ઝેરી અસર : વાસદના શ્રમિકની તબિયત લથડી

વડોદરા : લાલબાગ વિસ્તારમાં આવેલી યુનિવર્સિટી કેમ્પસ હોસ્ટેલના 'શાસ્ત્રી હોલ'માં ટોયલેટ સફાઈની કામગીરી દરમિયાન એસિડની ઝેરી અસર થવાને કારણે 45 વર્ષીય શ્રમિકની તબિયત લથડી છે. હાલ તેમને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આણંદ જિલ્લાના વાસદ ગામે હરીજનવાસમાં રહેતા દિનેશભાઈ મણિલાલ પરમાર (ઉં.વ. 45) લાલબાગ સ્થિત યુનિવર્સિટી હોસ્ટેલના શાસ્ત્રી હોલમાં આવેલા ટોયલેટ ની સફાઈ કરી રહ્યા હતા. ગત રોજ જ્યારે તેઓ હોલના ટોયલેટ બ્લોકની સફાઈ કરી રહ્યા હતા, ત્યારે અચાનક એસિડની તીવ્ર વાસ અને તેમાંથી નીકળતો ઝેરી ધુમાડો શ્વાસમાં જતાં તેઓ ગુંગળામણ અનુભવવા લાગ્યા હતા. એસિડના સંપર્કમાં આવતા જ દિનેશભાઈને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી હતી અને તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. આસપાસના લોકો અને હોસ્ટેલના કર્મચારીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેમને વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

રૂઝવેલ્ટ વિદ્યાલય ખાતે હોમિયોપથી કેમ્પ યોજાયો : દરેક પ્રકારના રોગોનું નિદાન

વડોદરા : શ્રી વલ્લભાચાર્યા ફાઉન્ડેશન, લાયન્સ ક્લબ ઓફ વિશ્વામિત્રી તથા શ્રી દશાબાજ વણિક સમાજ, વડોદરા દ્વારા રૂઝવેલ્ટ વિદ્યાલય, વાઘોડિયા રોડ

ખાતે હોમિયોપથી નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક પ્રકાર ના રોગોનું બારીકાઈ થી નિદાન કરી જરૂરી એક માસની દવા નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નું વિશેષ આયોજન શ્રી દશાબાજ વણિક સમાજ ના પ્રમુખ રોહિત ભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ખાતે સમાજના વિશેષ પ્રતિનિધિ હિમાંશુભાઈ શાહ તેમજ તેમના ધર્મપત્ની શેફાલીબેન શાહ દ્વારા ખાસ હાજરી આપવામાં આવી હતી.

પાલિકાના મુખ્ય સેન્સસ ઓફિસર અને શિક્ષણ સમિતિના શાસનાધિકારીને રજૂઆત

વસ્તી ગણતરી માટે થયેલા આદેશથી નગર પ્રા. શિ. સમિતિનો શિક્ષક સંઘ લાલઘૂમ

100 ટકા સ્ટાફમાંથી 50 ટકા નહિ કરવામાં આવેતો એકપણ શિક્ષક પગથિયું નહિ ચડે : પિનાકીન પટેલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વસ્તી ગણતરી-2027ની કામગીરીને લઈને શિક્ષકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. તંત્ર દ્વારા મંજૂર થયેલી રજાઓ રદ કરી તમામ શિક્ષકોને તાત્કાલિક હાજર થવાનો આદેશ આપવામાં આવતા શિક્ષણ જગતમાં અસંતોષનો માહોલ સર્જાયો છે. સાથે જ પરવાનગી વગર હેડક્વાર્ટર ન છોડવાની કડક સૂચનાને કારણે હજારો શિક્ષકો મુશ્કેલીમાં મુકાયા છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષક સંઘે આ નિર્ણયનો કડક વિરોધ નોંધાવ્યો છે. સંઘના પ્રમુખ પિનાકીન પટેલ, મંત્રી કલ્પેશ પ્રજાપતિ અને મહામંત્રી મોહનભાઈ માલીએ પાલિકાના મુખ્ય સેન્સસ ઓફિસર, નાયબ કમિશ્નર અને શાસનાધિકારીને લેખિત રજૂઆત કરી છે. શિક્ષકોનું કહેવું છે કે અગાઉ મતદાર યાદી સુધારણા દરમિયાન ખાતરી અપાઈ હતી કે BLO તરીકે ફરજ બજાવતા શિક્ષકોને વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં નહીં આવે, છતાં હવે ફરી શિક્ષકો પર જ વધારાનો બોજ નાખવામાં આવી રહ્યો છે.

શિક્ષકોએ રજૂઆતમાં જણાવ્યું છે કે છેલ્લા ઘણા સમયથી તેઓ મતદાર યાદી સુધારણા, સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને અન્ય સરકારી કામગીરીમાં સતત વ્યસ્ત રહ્યા છે. હવે વસ્તી ગણતરીની કામગીરી સોંપાતા શાળાની દૈનિક કામગીરી તેમજ નવા શૈક્ષણિક સત્ર પૂર્વે યોજાનારા પ્રવેશોત્સવ અને અન્ય કાર્યક્રમો પર અસર પડશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. શિક્ષકોનું કહેવું છે કે શિક્ષકનું મુખ્ય કામ બાળકોને શિક્ષણ આપવાનું છે, પરંતુ વારંવારની સરકારી ફરજોને કારણે શિક્ષણની ગુણવત્તા પ્રભાવિત થઈ રહી છે.

શિક્ષક સંઘે કાળઝાળ ગરમીમાં કામગીરી કરાવવા સામે પણ સવાલ ઉઠાવ્યા છે. છેલ્લા 45 દિવસથી તાપમાન 42 થી 45 ડિગ્રી વચ્ચે રહેતા બપોર દરમિયાન ઘરે-ઘરે સર્વે કરવો મુશ્કેલ હોવાનું જણાવાયું છે. એક તરફ સરકાર લોકોને બપોરે બહાર ન નીકળવાની સલાહ આપે છે અને બીજી તરફ શિક્ષકોને સર્વે માટે મોકલવામાં આવી રહ્યા હોવાનું શિક્ષકોએ જણાવ્યું હતું.

સંઘના પ્રમુખ પિનાકીન પટેલે ચીમકી આપતા જણાવ્યું હતું કે, "જો 100 ટકા સ્ટાફમાંથી 50 ટકા સ્ટાફ ઘટાડવામાં નહીં આવે તો એકપણ શિક્ષક સ્કૂલનું પગથિયું નહીં ચડે." શિક્ષક સંઘે 50 વર્ષથી વધુ ઉંમરના શિક્ષકો, BLO તરીકે કામગીરી કરનારા શિક્ષકો તથા પતિ-પત્ની બંને શિક્ષક હોય તેવા કિસ્સામાં એકને મુક્તિ આપવા સહિત વિવિધ માંગણીઓ રજૂ કરી છે.

વડોદરા અગનભઠ્ઠીમાં ફેરવાયું, સીઝનનો હોટેસ્ટ ડે : પારો 43.6 ડિગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

શહેરમાં આકરી ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. રવિવારે મહત્તમ તાપમાન 43.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. લઘુત્તમ તાપમાન 29 ડિગ્રી રહ્યું હતું. બપોર દરમિયાન લૂ ફૂંકાતા શહેરના રસ્તાઓ અને બજારો સૂમસામ જોવા મળ્યા હતા.

હવામાન વિભાગ મુજબ સવારે ભેજનું પ્રમાણ 39 ટકા હતું, જે સાંજે ઘટીને 20 ટકા થયું હતું. ગરમીના કારણે નોકરિયાત વર્ગ, શ્રમિકો અને વાહનચાલકો સૌથી વધુ પરેશાન બન્યા હતા. શહેરમાં શેરડીનો રસ, છાશ અને ઠંડા પીણાંની દુકાનો પર લોકોની ભીડ જોવા મળી હતી.

આરોગ્ય વિભાગે નાગરિકોને બપોરે 12થી 4 દરમિયાન જરૂરી કામ વગર બહાર ન નીકળવા અપીલ કરી છે. બાળકો, વૃદ્ધો અને બીમાર લોકોએ ખાસ કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે. આગામી 2થી 3 દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

મરીમાતાના ખાંચામાં જર્જરિત બિલ્ડિંગનો ભાગ ધરાશાયી

મોટી હોનારત ટળી, બજાર ચાલુ હોત તો અનેક જીવ જોખમમાં મુકાયા હોત

(પ્રતિનિધિ) વડોદરા તા.10

શહેરના અતિ વ્યસ્ત મરીમાતાના ખાંચા વિસ્તારમાં આજે વહેલી સવારે મોટી દુર્ઘટના સર્જાતી ટળી હતી. અહીં આવેલી 'માતૃપ્રેમ' નામની જર્જરિત બિલ્ડિંગનો ઉપરનો ભાગ અચાનક તૂટીને જાહેર માર્ગ પર પડ્યો હતો. સદનસીબે ઘટના વહેલી સવારે બની હોવાથી લોકોની અવરજવર ઓછી હતી અને મોટી જાનહાનિ ટળી ગઈ હતી.



સ્થાનિકોના જણાવ્યા મુજબ બિલ્ડિંગ લાંબા સમયથી ખતરનાક હાલતમાં છે. ઉપરના માળે રહેણાંક મકાનો અને નીચે દુકાનો આવેલી હોવાથી દિવસભર અહીં ભારે અવરજવર રહેતી હોય છે. જો દિવસ દરમિયાન કાટમાળ પડ્યો હોત તો મોટી હોનારત સર્જાઈ શકી હોત.

ઘટના બાદ વેપારીઓ અને રહીશોમાં વડોદરા મહાનગરપાલિકા સામે ભારે રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે બિલ્ડિંગ જર્જરિત હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. શહેરમાં આવી અનેક ખતરનાક બિલ્ડિંગો હોવા છતાં પાલિકા માત્ર નોટિસ આપી સંતોષ માને છે તેવી પણ ફરિયાદ ઉઠી હતી. સ્થાનિકોએ માતૃપ્રેમ બિલ્ડિંગને તાત્કાલિક ઉતારી લેવા માંગ કરી છે જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય.

કાળઝાળ ગરમીમાં સયાજી હોસ્પિટલના કૂલર બંધ હાલતમાં

ગરીબ દર્દીઓ બહારથી પાણી ખરીદવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા. તા.10

શહેરમાં 42 ડિગ્રીથી વધુ તાપમાન વચ્ચે મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. હોસ્પિટલ તંત્રની બેદરકારીને કારણે સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના સગાઓને પીવાના પાણી માટે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. સામાજિક કાર્યકર કમલેશ પરમાર હોસ્પિટલમાં પહોંચતા તપાસ દરમિયાન અનેક વોટર કૂલરો બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું હતું.

હોસ્પિટલના વિવિધ વિભાગોમાં લાખો રૂપિયાના ખર્ચે લગાવવામાં આવેલા વોટર કૂલરોમાંથી કેટલાક બંધ હતા તો કેટલાકમાંથી ગરમ પાણી આવી રહ્યું હતું. કાળઝાળ ગરમીમાં દર્દીઓ અને તેમના સગાઓને ઠંડુ પાણી તો દૂર, સામાન્ય પીવાનું પાણી મેળવવા માટે પણ એક વોર્ડથી બીજા વોર્ડ સુધી ભટકવું પડી રહ્યું છે.

સયાજી હોસ્પિટલમાં મોટાભાગે

ગરીબ અને મધ્યમવર્ગીય લોકો સારવાર માટે આવતા હોવાથી તેઓને બહારથી પાણીની બોટલો ખરીદવાની ફરજ પડી રહી છે. હોસ્પિટલની આ સ્થિતિને લઈને દર્દીઓ અને સામાજિક કાર્યકરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

અગાઉ પણ ગંદકી અને સુવિધાઓના અભાવે ચર્ચામાં રહેલી સયાજી હોસ્પિટલમાં ઉનાળો શરૂ થતાં પહેલાં વોટર કૂલરોનું મેન્ટેનન્સ કેમ ન થયું તેવા સવાલો ઉઠી રહ્યા છે. હવે હોસ્પિટલ તંત્ર આ મામલે શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

GPSCની 64 કેડરની ભરતી માટે પરીક્ષા યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા 64 કેડરની ભરતી માટે રાજ્યભરમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ વિભાગોની કુલ 454 જગ્યાઓ માટે હજારો ઉમેદવારો પરીક્ષામાં જોડાયા હતા. પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત, સીસીટીવી મોનીટરીંગ અને કડક ચેકિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. જીપીએસસી દ્વારા શિક્ષણ વિભાગની 128, હાઉસિંગ બોર્ડની 51 તેમજ મહાનગરપાલિકાની 100થી વધુ ટેકનિકલ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે. ઉપરાંત સામાન્ય રાજ્ય સેવા અને માહિતી વિભાગની જગ્યાઓ માટે પણ પરીક્ષા લેવામાં આવી હતી. જીપીએસસીના ઈતિહાસમાં પ્રથમવાર એટલી મોટી સંખ્યામાં વિવિધ સંવર્ગોની પરીક્ષા એકસાથે યોજાઈ હોવાનું કહેવાય છે. રાજ્યના તમામ જિલ્લા મથકોએ પરીક્ષા કેન્દ્રો ગોઠવવામાં આવ્યા હતા. પરીક્ષા પૂર્ણ થયા બાદ આગામી દિવસોમાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવશે.

"કોનું દબાણ બચાવવા સોસાયટીને નિશાન બનાવી?"

મકરપુરામાં રોડના કામમાં પક્ષપાતના આક્ષેપ સાથે દીપ દર્શન સોસાયટીના રહીશોનો હોબાળો

રોડ એકતરફી 6 મીટર પહોળો કરાતા રહીશોમાં ભારે રોષ; અધિકારીઓના મૌનથી આક્રોશ બેવડાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

મકરપુરા ડેપો પાછળ દીપ દર્શન સોસાયટી પાસે ચાલી રહેલી રોડ વિસ્તૃતિકરણની કામગીરીને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પાલિકા દ્વારા રોડને બંને બાજુ સમાન રીતે પહોળો કરવાની જગ્યાએ માત્ર સોસાયટી તરફ જ દબાવીને બનાવવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ સાથે રહીશોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, અધિકારીઓ કોઈ પૂર્વ સૂચના કે યોગ્ય માપણી બતાવ્યા વગર મનસ્વી રીતે કામગીરી કરી રહ્યા છે. રહીશોએ

સ્પષ્ટતા માંગતા જવાબદાર અધિકારીઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા, જેના કારણે લોકોમાં આક્રોશ વધ્યો હતો. રહીશોનું કહેવું છે કે નિયમ મુજબ રોડ બંને બાજુ સમાન અંતરે પહોળો થવો જોઈએ, પરંતુ અહીં માત્ર સોસાયટી તરફ જ રોડ વિસ્તૃત કરાતા કમ્પાઉન્ડ વોલ રોડને અડીને આવી ગઈ છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે સામેની બાજુના દબાણો અને વગદાર લોકોના બાંધકામોને બચાવવા માટે સોસાયટી તરફ જ રોડ દબાવવામાં આવી રહ્યો છે. રોડની કામગીરી દરમિયાન સ્ટ્રીટ લાઈટ અને ડ્રેનેજ લાઈનમાં ભંગાણ પડતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો હોવાનું પણ જણાવાયું છે.

રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક ધોરણે યોગ્ય માપણી સાથે ન્યાયપૂર્ણ કામગીરી શરૂ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં મહાનગરપાલિકા કચેરીએ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

બિલિયન લાઈવ ફાઉન્ડેશનના કાર્યક્રમમાં માતા પ્રત્યેના આદરની સુંદર અભિવ્યક્તિ

છેલ્લા બે મહિનાના પ્રોજેક્ટ અને સામાજિક કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા,

બિલિયન લાઈવ ફાઉન્ડેશન દ્વારા "સમવાદ 18" કાર્યક્રમનું આયોજન મધર્સ ડે ઉજવણીની થીમ પર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના છેલ્લા બે મહિનાના પ્રોજેક્ટ અને સામાજિક કામગીરીનું પ્રેઝન્ટેશન દાતાઓ અને શુભેચ્છકો સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સંસ્થાના ઈન્ટર્ન્સ, વોલન્ટિયર્સ અને સહયોગી શાળાઓને તેમના નોંધપાત્ર યોગદાન બદલ પ્રશંસા પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક અને ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ માતાના જીવનમાં મહત્વ વિશે પ્રેરણાત્મક સંબોધન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન

"માતા સાથેની પ્રથમ યાદો" વિષય પર ભાવનાત્મક પ્રવૃત્તિ યોજાઈ હતી, જેમાં ઉપસ્થિત લોકોએ પોતાના અનુભવો વહેંચ્યા હતા. ઈન્ટર્ન્સ દ્વારા પોતાની માતાને મધર્સ ડે થેન્ક યુ કાર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે જ "ટંગ ટ્વિસ્ટર" જેવી રમૂજી રમત દ્વારા સૌએ આનંદ માણ્યો હતો. કાર્યક્રમનો અંત આભારવિધિ સાથે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં લાગણી, સંસ્કાર અને માતા પ્રત્યેના આદરની સુંદર અભિવ્યક્તિ જોવા મળી હતી.

બાજવા પંચાયતમાં 5 વર્ષથી સભ્યોની અરજીઓ ધૂળ ખાતી હાલતમાં

તલાટીએ ના પાડી છતાં શોપિંગ સેન્ટરમાં કોના ઈશારે કામ શરૂ? ચેરમેને સવાલ ઉઠાવી તાળાબંધીની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

બાજવા ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો અને વહીવટ વચ્ચે વિવાદ ઉગ્ર બન્યો છે. પંચાયતના ચેરમેન હિતેન્દ્ર ખંડવીએ આક્ષેપ કર્યો છે કે છેલ્લા પાંચ વર્ષથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો નથી, જ્યારે અરજી વગરના કામો ઝડપથી કરવામાં આવી રહ્યા છે.

ચેરમેનના જણાવ્યા મુજબ પેવર બ્લોક, રોડ-રસ્તા સહિતના જનહિતના પ્રશ્નોને લઈને સભ્યોએ વારંવાર રજૂઆતો કરી હોવા છતાં કામો અટવાયેલા છે. પંચાયતની સામાન્ય સભામાં સર્વાનુમતે નક્કી કરાયેલા ઠરાવો છતાં મનસ્વી રીતે અન્ય કામોને પ્રાથમિકતા આપવામાં

આવી રહી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

હિતેન્દ્ર ખંડવીએ જણાવ્યું હતું કે પંચાયતની મીટિંગોમાં થયેલા ઠરાવો અંગે ચૂંટાયેલા સભ્યોને કોઈ માહિતી આપવામાં આવતી નથી. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જો તલાટી અને સરપંચ પોતાના મન મુજબ જ કામગીરી કરવાના હોય તો પંચાયતની મીટિંગો શા માટે યોજાય છે.

ચેરમેને ચીમકી આપતા જણાવ્યું હતું કે જો થોડા દિવસોમાં સ્થિતિ નહીં બદલાય તો ચૂંટાયેલા સભ્યો સખત વિરોધ કરશે અને પંચાયતને તાળા મારવાની ફરજ પડશે. સાથે જ ટીડીઓ અને ડીડીઓને લેખિત રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવશે.

ડિપ્લોમાથી ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ માટે ડીડીસીઈટીની પરીક્ષા પૂર્ણ

પ્રોવિઝનલ આન્સર કી 11મી મેના રોજ સાંજે 6 વાગ્યે સમિતિની વેબસાઈટ પર જાહેર થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ડિપ્લોમા ફાર્મસીથી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ પરીક્ષા રાજ્યના વિવિધ કેન્દ્રો પર સફળતાપૂર્વક યોજાઈ હતી. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા આયોજિત આ પરીક્ષા ઓફલાઈન માધ્યમથી લેવામાં આવી હતી.

996 બેઠકો માટે કુલ 341 વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી 322 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા, જ્યારે, 19 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. પરીક્ષાનો સમય સવારે 11:00 થી બપોરે 01:30 સુધીનો હતો. પરીક્ષાનું સુચારુ સંચાલન માટે રાજ્યના કુલ 10 જિલ્લા મથકો પર પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આણંદ, અરવલ્લી, ભાવનગર, કચ્છ, પાટણ, રાજકોટ, સુરત, વડોદરા અને વલસાડ ખાતે પણ સરકારી એન્જિનિયરિંગ અને ફાર્મસી કોલેજોમાં પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી 11મી મેના રોજ સાંજે 6 વાગ્યે સમિતિની વેબસાઈટ પર જાહેર થશે. વિદ્યાર્થીઓને જો કોઈ પ્રશ્ન સામે વાંધો હોય તો 15 મે સુધીમાં જરૂરી પુરાવા સાથે ઓનલાઈન રજૂઆત કરી શકાશે. આ માટે પ્રશ્નદીઠ રૂ. 500 ફી ભરવાની રહેશે, જે રજૂઆત સાચી ઠરતા પરત કરવામાં આવશે. ડીડીસીઈટી પરીક્ષાનું પરિણામ આ મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. ત્યારબાદ જૂન મહિનાના બીજા સપ્તાહથી ડિગ્રી પ્રવેશ માટેની આગળની રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ, ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ માટે મંજૂર બેઠકોના 10 ટકા બેઠકો ફાળવવામાં આવે છે. આ વર્ષે સરકારી સંસ્થાઓમાં કુલ 37 બેઠકો ઉપલબ્ધ છે, જ્યારે સ્વનિર્ભર સંસ્થાઓમાં કુલ 959 બેઠકો ઉપલબ્ધ રહેશે.